GJMR010029132025

સત્યમેવ જયતે

રજુ તારીખ : ૧૨–૧૧–૨૦૨૫
દાખલ તારીખ : ૧૨–૧૧–૨૦૨૫
ફેસલ તારીખ : ૦૩–૦૬–૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ

આંક :

<u>ફોર્મ – ''એ ''</u>

**<u>મે. મોરબીના બીજા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મોરબી.</u>**

**સેશન્સ કેસ નં :– ૮૬/૨૦૨૫**
**(મોરબી સીટી બી ડીવીઝન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૩૪૭/૨૦૨૪)**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| **ફરીયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વકીલશ્રી** | **વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.કારીયા** |
| **આરોપીઓ** | **(૧) મીનપ્રસાદ ઉર્ફે રોહીત વસંતપ્રસાદ ભુસાલ** ઉ.વ. ૨૪, ધર્મે–મજુરી<br>**(૨) શીવભાઇ ઉર્ફે લકકી વસંતભાઇ ભુસાલ** ઉ.વ. ૨૮, ધર્મે–મજુરી<br>**(૩) ભાવનાબેન વસંતભાઇ ભુસાલ** ઉ.વ. ૪૫, ધર્મે–મજુરી<br>**(૪) શારદાબેન વા/ઓ ઇસુબભાઇ ભટટી** ઉ.વ. ૨૩, ધર્મે–ઘરકામ<br>તમામ રહે. વીસીપરા ચાર ગોડાઉન પાછળ, ગુલાબનગર તા.જી.મોરબી |

બીજા અધિક સેશન્સ જજ, મોરબી

| | |
|---|---|
| આરોપીઓ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ. વકીલશ્રી | વિ.વ.શ્રી ડી.આર.અગેચણીયા |

## ફોર્મ – ''બી''

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | :– | ૦૮–૦૭–૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | :– | ૧૨–૦૭–૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | :– | ૧૯–૦૯–૨૦૨૪ |
| તહોમતનામું ઘડયાની તારીખ | :– | ૦૫–૦૩–૨૦૨૬ |
| પુરાવાની શરૂઆતની તારીખ | :– | ૧૫–૦૪–૨૦૨૬ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | :– | ૦૩–૦૬–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | :– | ૦૩–૦૬–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો | :– | – |

## આરોપીઓની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | ગુનાનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા. સં. કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

**ગુનો :– ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૨૬(જી), ૩૫૧(૪), ૩૨૯(૨), ૫૪ મુજબના ગુના સબબ**

## –: ચુકાદો :–

૧. આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૨૬(જી),

૩૫૧(૪), ૩૨૯(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આક્ષેપ છે.

**૧.૧** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૦૮–૦૭–૨૦૨૪ ના રોજ રાત્રીના બારેક વાગ્યાના અરસામાં ફરીયાદીનો દીકરો કાનજી આરોપી નં. ૧ મીનપ્રસાદ તથા નં. ૨ શીવભાઇની બહેન ગાયત્રીને વાંકાનેરથી ભગાડી લઇ ગયેલ બાદ પાછા પરત વાંકાનેર પો.સ્ટે. ખાતે હાજર થયેલ હોય જેથી આ કામના ફરીયાદી પોતાના પરીવાર સાથે વાંકાનેર પો.સ્ટે. ગયેલ હોય તેમજ આ કામના આરોપીની બહેન પોતાના પરીવાર સાથે પાછી તેના ઘરે જતી રહેલ હોય તેમ છતા આ કામના આરોપી નં. ૧ મીનપ્રસાદ તથા નં. ૨ શીવભાઇ તથા નં. ૩ ભાવનાબેન તથા નં. ૪ શારદાબેન નાઓએ આ બાબતનો ખાર રાખી ભેગા મળી ફરીયાદીના ઘર પાસે ગયેલ ત્યારે આરોપી નં. ૧ તથા ૨ નાઓ ફરીયાદીના ઘરમાં પ્રવેશ કરી અંદર જઇ ફરીયાદીના ઘરમાં આરોપી નં. ૨ શીવભાઇ નાએ ઘરવખરીનો સામાન ઘરમાં ભેગો કરી સામાનમાં આગ લગાડી દેતા ફરીયાદીના ઘરમાં ફ્રિજ, ટીવી, કબાટ, સેટી, પલંગ, ગાદલા ગોદળા તથા અન્ય ઘરવખરીનો તમામ સરસામાન સળગાવી આશરે રૂ. ૬૦,૦૦૦/– નુકશાની કરી તેમજ ફોન ઉપર આખા પરીવારને સળગાવી દેવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલાની ફરીયાદ ફરીયાદએ કાયદેસર થવા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ. જે ગુના બાબતે ફરીયાદીએ ફરીયાદ આપતા આરોપીઓ વિરૂધ્ધ મોરબી સીટી બી ડીવીઝન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૩૪૭/૨૦૨૪ થી ગુનો નોંધવામાં આવેલ છે.

**૧.૨** આરોપીઓ વિરૂધ્ધ મોરબી સીટી બી ડીવીઝન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૩૪૭/૨૦૨૪ થી ઉપરોકત મુજબનો ગુનો દાખલ થયેલ. સદર ફરીયાદના અનુસંધાને તપાસ એજન્સીએ જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૨૬(જી), ૩૫૧(૪), ૩૨૯(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ અંગે પુરાવો મળી

આવતો હોય, આરોપીઓ વિરૂધ્ધ સદર ગુના અંગે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ રજુ કરેલ. જે તહોમતદાર વિરુધ્ધનું ચાર્જશીટ મોરબીના ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે અને ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, મોરબીની અદાલતમાં ફોજદારી કેસ નં. ૬૯૯૯/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે. ત્યારબાદ આ કામમાં તહોમતદારોને પોલીસ તપાસના કાગળો આપ્યા બાદ તેમજ તહોમતદારો નાઓને તેઓના બચાવ માટે સરકારી વકીલની જરૂરી છે કે કેમ? તે અંગેની ખાતરી કરતા તહોમદતરો નાઓએ સ્વ ખર્ચે વકીલ રોકી બચાવ કરવા માંગતા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, સદરહુ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ અદાલતને હોય, મોરબીના ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ નાઓએ સદરહુ કેસ અત્રેની કોર્ટમાં કમીટ કરેલ જે અત્રેની કોર્ટમાં સેસન્સ કેસ નંબરઃ– ૮૬/૨૦૨૫ થી નોંધવામાં આવેલ.

૨. આ કામના આરોપીઓ હાલ જામીન મુકત હોય નિયત તારીખે અદાલત સમક્ષ રજુ થતાં આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૨૬(જી), ૩૫૧(૪), ૩૨૯(૨), ૫૪ મુજબના આક્ષેપિત ગુના અંગે આંક–૨૭ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીઓનું નિવેદન આંક–૨૮ થી આંક–૩૪ સુધી નોંધવામાં આવેલ છે. જેમા આરોપીઓએ તેમના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

<u>**ફોર્મ – ''સી''**</u>

3. આરોપીઓ વિરુધ્ધ આંક–૦૭ થી ફરમાવવામાં આવેલ

તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે:–

## (એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવાઓ :–

| અનુક્રમ નંબર | સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|---|
| **મુખ્ય સાહેદો** | | | | |
| ૦૧ | ૦૧ | ૧૩ | રાજેશ ડાયાલાલ ચાવડા | ફરીયાદી |
| ૦૨ | ૦૨ | ૧૫ | રેખાબેન રાજેશભાઇ ચાવડા | સાહેદ |
| **પોલીસ સાહેદો** | | | | |
| ૦૩ | ૦૩ | ૨૮ | વાલભા કરશનભાઇ ચાવડા | ફરીયાદ દાખલ કરનાર અમલદાર |
| ૦૪ | ૦૪ | ૨૯ | નયનકુમાર અમરસિંહ વસાવા | તપાસ કરનાર અમલદાર |

## (બી) ફરીયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવાઓ :–

| ક્રમ નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૧૪ | ફરીયાદ |
| ૦૨ | ૧૬ | તપાસનો ડેપ્યુટ હુકમ |
| ૦૩ | ૧૭ | ગુન્હો રજી. કરવાની યાદી |
| ૦૪ | ૧૮ | સ્થાનીક જગ્યાનું પંચનામું |
| ૦૫ | ૧૯ | અટક પંચનામું |
| ૦૬ | ૨૦ | ડી.એફ.એસ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૦૭ | ૨૧ | સી.ડી.આર. એનેક્ષર ફોર્મ |
| ૦૮ | ૨૨ | ઓનલાઇન રવાનગી પત્રક |
| ૦૯ | ૨૩ | એફ.એસ.એલ.રાજકોટની મુદામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૧૦ | ૨૪ | એફ.એસ.એલ.રાજકોટનો મુદામાલ પરીક્ષણ અહેવાલનો ફોરવડીંગ પત્ર |

| | | |
|---|---|---|
| ૧૧ | ૨૫ | એફ.એસ.એલ.રાજકોટનો મુદામાલ પરીક્ષણ અહેવાલ |
| ૧૨ | ૨૬ | એફ.એસ.એલ.રાજકોટની મુદામાલ મળ્યા અંગેની પહોંચ |

**૪.** ફરીયાદપક્ષ તરફે આંક–૩૦ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતા, બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ તેમના વિશેષ નિવેદનમાં ફરીયાદ પક્ષના કેસનો સંદતર ઈન્કાર કરેલ છે, તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે, તેમજ બચાવમાં દસ્તાવેજી પુરાવા રજુ કરવા માંગતા નહિ હોવાનું તેમજ બચાવના સાહેદ તપાસવા માંગતા નહિ હોવાનું જણાવેલ છે અને આરોપીઓએ વધુમાં જણાવેલ છે કે, " અમોએ આવો કોઈ ગુન્હો કરેલ નથી. અમો વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી રીતે ગુન્હામાં સંડોવી દઈ અમો વિરુધ્ધ ખોટું ચાર્જશીટ કરેલ છે.અમોને નિર્દોષ છોડી મુકવા અરજ છે. "

**૫.** ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી અને બચાવપક્ષે વિ.વ.શ્રી નાઓએ કરેલ મૌખીક દલીલ સાંભળી.

**૬.** આ પ્રકરણમાં ફરીયાદપક્ષે રજુ કરેલા મૌખીક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ. વકીલશ્રીઓ ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાનમાં લેતા, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :–

**<u>–: મુદાઓ :–</u>**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૦૮–૦૭–૨૦૨૪ ના રોજ રાત્રીના બારેક વાગ્યાના અરસામાં ફરીયાદીનો દીકરો કાનજી આરોપી નં. ૧ મીનપ્રસાદ તથા નં. ૨ શીવભાઈની બહેન

ગાયત્રીને વાંકાનેરથી ભગાડી લઈ ગયેલ બાદ પાછા પરત વાંકાનેર પો.સ્ટે. ખાતે હાજર થયેલ હોય જેથી આ કામના ફરીયાદી પોતાના પરીવાર સાથે વાંકાનેર પો.સ્ટે. ગયેલ હોય તેમજ આ કામના આરોપીની બહેન પોતાના પરીવાર સાથે પાછી તેના ઘરે જતી રહેલ હોય તેમ છતા આ કામના આરોપી નં. ૧ મીનપ્રસાદ તથા નં. ૨ શીવભાઈ તથા નં. ૩ ભાવનાબેન તથા નં. ૪ શારદાબેન નાઓએ આ બાબતનો ખાર રાખી ભેગા મળી ફરીયાદીના ઘર પાસે ગયેલ ત્યારે આરોપી નં. ૧ તથા ૨ નાઓ ફરીયાદીના ઘરમાં પ્રવેશ કરી અંદર જઈ ફરીયાદીના ઘરમાં આરોપી નં. ૨ શીવભાઈ નાએ ઘરવખરીનો સામાન ઘરમાં ભેગો કરી સામાનમાં આગ લગાડી દેતા ફરીયાદીના ઘરમાં ફ્રિજ, ટીવી, કબાટ, સેટી, પલંગ, ગાદલા ગોદળા તથા અન્ય ઘરવખરીનો તમામ સરસામાન સળગાવી આશરે રૂ. ૬૦,૦૦૦/- નુકશાની કરી તેમજ ફોન ઉપર આખા પરીવારને સળગાવી દેવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૨૬(જી), ૩૫૧(૪), ૩૨૯(૨), ૫૪ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**૭.** ઉપરોકત મુદાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

**૧. નકારાત્મક**

**૨. આખરી હુકમ મુજબ**

**-:: કારણો ::-**

૮. આ પ્રકરણમાં ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખીક અને

દસ્તાવેજી પુરાવાઓનો સંપૂર્ણપણે અભ્યાસ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.કારીયા તથા બચાવપક્ષે આરોપીઓ ડી.આર.અગેચણીયા નાઓની ભારપૂર્વકની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે.

**૮.૧** ફોજદારી પ્રકારના કેસોમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો કેસ નિ:શંકપણે માનવા લાયક આધારભુત પુરાવાથી પુરવાર કરવાનો હોય છે, સિવાય કે આરોપીપક્ષ ધ્વારા ચોક્કસ પ્રકારનો બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ હોય અને તે સાબીત કરવાની જવાબદારી કાયદા ધ્વારા આરોપીપક્ષની ઉપર લાદવામાં આવેલી હોય. ફોજદારી પ્રકરણમાં જયારે બે વ્યુ શકય બનતા હોય, ત્યારે આરોપીની તરફેણમાં વ્યુ લેવાનો હોય છે. સાથે સાથે એ નોંધવું જરૂરી છે કે, શંકા એટલે સુદ્દઢ અને સ્વસ્થ મન વિચારે તેવી શંકા, માત્ર સામાન્ય વિરોધાભાસ તપાસ એજન્સીની ખામી, ફરીયાદ દાખલ થવામાં થયેલ વિલંબ, આવા ક્ષુલ્લક કારણો ફરીયાદપક્ષના સાતત્યસભર પુરાવાને અસરકતા નિવડતા નથી. આવા મૂળભૂત સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા, આ પ્રકરણમાં રજુ થયેલ પુરાવા, ઉભય પક્ષકારો તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ તાર્કીક અને ભારપૂર્વકની મૌખીક દલીલોની જરૂર જણાયે યોગ્ય જગ્યાએ ચર્ચા કરવામા આવી છે.

**<u>મુખ્ય સાહેદોનો પુરાવો :-</u>**

૯. ફરીયાદપક્ષે સાહેદ નં. ૦૧ થી ફરીયાદી રાજેશ ડાયાલાલ ચાવડા નાઓને આંક-૧૩ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૦૮/૦૭/૨૦૨૪ ના રોજ તેઓ, તેઓના પત્ની તથા તેઓની બંને નાની દીકરીઓ તેમ બધા ઘરને તાળુ મારી વાંકાનેર ગયેલા અને વાંકાનેરથી પરત ફરતા હતા ત્યારે રાત્રીના બાર-સવા બાર વાગ્યે લજાઈ ચોકડી નજીક પહોંચેલ ત્યારે તેઓને તેઓના પાડોશી લાલાભાઈ ઠાકોરનો ફોન આવેલો અને જણાવેલ કે તમે કયા છો? તમારુ મકાન સળગે છે તેવી વાત કરતા તેઓ તુરંત જ તેઓના ઘેર આવેલા

અને જોયુ તો તેઓના મકાનના દરવાજા ખુલ્લા હતા અને ઘર સળગેલ હાલતમા હતુ અંદર જોતા સરસામાન બધો સળગી ગયેલો હતો જેમા તેઓના ફ્રીજ, ટીવી, કબાટ, પલંગ ગાદલા ગોદળા તથા ઘરવખરીનો સરસામાન સળગી ગયેલો હતો. આજુબાજુના પાડોશી દ્રારા તેમજ ઘરમા તપાસ કરતા જાણવા મળેલ કે અમોએ ઘરમા ફળીયાના ભાગે છાપરા નીચે ગાયો માટેનો નીરણ નો ઘાસ–ચારો રાખેલ હતો તેમા અકસ્માતે સળગી ઉઠતા આગ લાગેલ હતી અને તે આગ પ્રસરતા ઘરમા ગયેલ હતી અને ચીજ વસ્તુઓ અને ઘરવખરીઓ સળગી ગયેલ હતી. તે સમય દરમ્યાન તેઓનો દીકરો કાનજીભાઈ તથા વીશીપરામા રહેતા ભાવનાબેનની દીકરી ગાયત્રી વચ્ચે પ્રેમ સબંધ હોય શંકાને આધારે તેઓના વીરુધ્ધ ફરીયાદ કરેલ હતી. ખરી હકીકતે અકસ્માતે આગ લાગવાથી હાલનો બનાવ બનેલો હતો અને તે મતલબની જાણ તેઓએ પોલીસ સ્ટેશનમા કરતા પોલીસે તૈયાર ફરીયાદમા સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. જે આંક–૧૪ થી રજુ છે. આ કામના આરોપીઓને ઓળખે છે. સદરહુ ફરીયાદી ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કર્યા બાદ ઉલટતપાસ કરવા છતા ફરીયાદની હકીકતને સમર્થન કરેલ નથી.

૯.૧ સદરહું સાહેદની બચાવપક્ષે તરફે વિ.વ.શ્રી નાઓ દ્રારા ઉલટતપાસ કરવામાં આવતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના મકાનમાં આગ લાગી તે વખતે તેઓ કોઇ ઘેર ન હતા તેથી કઇ રીતના આગ લાગી તેની તેઓને ખબર ન હતી, તેઓ મકાનના છાપરે ખળ રાખેલ હતુ અને તેના કારણે મકાનમાં આગ લાગેલી, આ લગાવવા માટે તેઓને કોઈ સામે કોઇ શંકા ન હતી, આગ લાગેલ હોય પોલીસ તેઓની પુછપરછ કરવા આવેલ અને તેઓને જે લખાણમાં સહી કરવા જણાવેલ તે લખાણમાં તેઓએ સહી કરી આપેલ તે સીવાય તેઓને બનાવ બાબતે કાંઈ ખબર નથી, તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે અને હવે તેઓ આગળ કેસ ચલાવવા માંગતા નથી.

**૧૦.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૦૨ થી સાહેદ રેખાબેન રાજેશભાઈ ચાવડા નાઓને આંક-૧૫ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૦૮/૦૭/૨૦૨૪ ના રોજ તેઓ, તેઓના પતિ તથા તેઓની બંને નાની દીકરીઓ તેમ બધા ઘરને તાળુ મારી વાંકાનેર ગયેલા અને વાંકાનેરથી પરત ફરતા હતા ત્યારે રાત્રીના બાર-સવા બાર વાગ્યે લજાઈ ચોકડી નજીક પહોંચેલ ત્યારે તેઓના પતિને પાડોશી લાલાભાઈ ઠાકોરનો ફોન આવેલો અને જણાવેલ કે તમે કયા છો? તમારુ મકાન સળગે છે તેવી વાત કરતા તેઓ તુરંત જ તેઓના ઘેર આવેલા અને જોયુ તો તેઓના મકાનના દરવાજા ખુલ્લા હતા અને ઘર સળગેલ હાલતમા હતુ અંદર જોતા સરસામાન બધો સળગી ગયેલો હતો જેમા તેઓના ફ્રીજ, ટીવી,કબાટ, પલંગ ગાદલા ગોદળા તથા ઘરવખરીનો સરસામાન સળગી ગયેલો હતો. આજુબાજુના પાડોશી દ્વારા તેમજ ઘરમા તપાસ કરતા જાણવા મળેલ કે અમોએ ઘરમા ફળીયાના ભાગે છાપરા નીચે ગાયો માટેનો નીરણ નો ઘાસ-ચારો રાખેલ હતો તેમા અકસ્માતે સળગી ઉઠતા આગ લાગેલ હતી અને તે આગ પ્રસરતા ઘરમા ગયેલ હતી અને ચીજ વસ્તુઓ અને ઘરવખરીઓ સળગી ગયેલ હતી. તે સમય દરમ્યાન તેઓનો દીકરો કાનજીભાઈ તથા વીશીપરામા રહેતા ભાવનાબેનની દીકરી ગાયત્રી વચ્ચે પ્રેમ સબંધ હોય શંકાને આધારે તેઓના પતિએ તેઓની વીરુધ્ધ ફરીયાદ કરેલ હતી. ખરી હકીકતે અકસ્માતે આગ લાગવાથી હાલનો બનાવ બનેલો હતો અને તે મતલબની જાણ તેઓના પતિએ પોલીસ સ્ટેશનમા કરતા પોલીસે તૈયાર ફરીયાદમા સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. આ કામના આરોપીઓને ઓળખે છે. સદરહુ સાહેદ નીવેદનની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કર્યા બાદ ઉલટતપાસ કરવા છતા નીવેદનની હકીકતને સમર્થન કરેલ નથી.

**૧૦.૧** સદરહું સાહેદની બચાવપક્ષે તરફે વિ.વ.શ્રી નાઓ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના મકાનમાં આગ

લાગી તે વખતે તેઓ કોઇ ઘેર ન હતા તેથી કઇ રીતના આગ લાગી તેની તેઓને ખબર ન હતી, તેઓ મકાનના છાપરે ખળ રાખેલ હતુ અને તેના કારણે મકાનમાં આગ લાગેલી, આ લગાવવા માટે તેઓને કોઇ સામે કોઇ શંકા ન હતી, આગ લાગેલ હોય પોલીસ તેઓની પુછપરછ કરવા આવેલ અને તેઓના પતિને જે લખાણમાં સહી કરવા જણાવેલ તે લખાણમાં તેઓએ સહી કરી આપેલ તે સીવાય તેઓને બનાવ બાબતે કાંઇ ખબર નથી, તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે અને હવે તેઓ આગળ કેસ ચલાવવા માંગતા નથી.

<u>**પોલીસ સાહેદોનો પુરાવો :-**</u>

**૧૧.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૦૩ થી ફરીયાદ દાખલ કરનાર અમલદાર વાલભા કરશનભાઈ ચાવડા નાઓને આંક-૨૮ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ તા. ૧૯/૦૧/૨૦૨૫ થી મોરબી એ ડીવી. પોસ્ટે, જી.મોરબી ખાતે ફરજ બજાવે છે. તા. ૧૨/૦૭/૨૦૨૪ ના રોજ તેઓ મોરબી બી ડીવી. પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન તા. ૧૨/૦૭/૨૦૨૪ ના રોજના કલાક રાત્રીના ૨૦:૦૦ થી બીજા દીવસે સવારના ૦૮:૦૦ સુધી પી.એસ.ઓ તરીકે તેઓ તેમની ફરજ પર હાજર હતા. મોરબી બી ડીવી. પોલીસ સ્ટેશનના પી.આઈશ્રી એન.એ.વસાવા સાહેબ નાઓએ આ કામના ફરીયાદીની તેમના રૂબરૂની વિગતવારની ફરીયાદ લઈ, ફરીયાદ અંગે ગુનો રજીસ્ટર થવા મારી તરફ મોકલી આપતા ફરીયાદ અંગે બી.એન.એસ.કલમ ૩૨૬(જી),૩૫૧(૪),૫૪ મુજબ ગુન્હો પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નં. ૧૩૪૭/૨૦૨૪ થી નોંધી આગળની તપાસ પી.આઈ.શ્રી એન.એ.વસાવા સાહેબ નાઓને સોંપેલી હતી. તેઓને આંક-૧૬ નો દસ્તાવેજ બતાવતા તે ડેપ્યુટ હુકમ છે તેમા પી.એસ.ઓ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે.

**૧૧.૧** સદરહું સાહેદની બચાવપક્ષે તરફે વિ.વ.શ્રી નાઓ દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફરીયાદ અંગે ગુન્હો રજીસ્ટર કર્યો તે સીવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી.

**૧૨.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૦૪ થી તપાસ કરનાર અમલદાર નયનકુમાર અમરસિંહ વસાવા નાઓને આંક–૨૯ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા. ૧૨/૦૭/૨૦૨૪ ના રોજ તેઓ મોરબી સીટી બી ડીવીઝનમા પી.આઈ તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન આ કામના ફરીયાદી પોસ્ટે. આવી તેઓની રૂબરુ ફરીયાદ આપેલ હતી કે આ કામના આરોપીઓ અમો ઘરે હાજર ન હોય તે દરમ્યાન તેઓના ઘેર આવી અમારુ ઘર સળગાવી ઘરવખરી નો તમામ સરસામાન સળગાવી દીધેલ હોવાની ફરીયાદ તેઓના રૂબરુ કરતા આ ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ તેઓએ લખી લીધેલ અને પી.એસ.ઓ. ને દાખલ કરવા હુકમ કરતા પી.એસ.ઓ એ મોરબી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં. ૧૩૪૭/૨૦૨૪ બી.એન.એસ. કલમ ૩૨૬(જી), ૩૫૧(૪), ૫૪ મુજબનો ગુન્હો દાખલ કરી આગળની તપાસ તેઓને આંક – ૧૬ ના ડેપ્યુટ હુકમથી સોંપી આપેલી હતી. આ ગુન્હાની તપાસ દરમિયાન તપાસના કામે બનાવ સ્થળનુ પંચનામુ કરવામા આવેલુ હતુ. જે પંચનામુ આ કામે આંક ૧૮ થી રજુ છે. તેઓએ બે પંચોની હાજરીમા પંચનામુ કરેલુ હતુ. તેમા બે પંચોની તથા રુબરુ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે તેમા લખેલી હકીકત સાચી છે. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના વિગતવારના નીવેદનો તેમના લખાવ્યા મુજબ લખી લીધેલા હતા અને તપાસના કામમા સામેલ રાખેલ હતા. આરોપીનુ અટક પંચનામુ બે પંચોની હાજરીમા અમોએ આંક–૧૯ વાળુ બે પંચોની હાજરીમા સાહેદના બતાવ્યા મુજબ તેઓની રુબરુમા વિગતવારનુ પંચનામુ કરવામા આવેલુ હતુ. તેમા બે પંચોની તથા રુબરુ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. તેમા લખેલી હકીકત સાચી છે. ત્યારબાદ બનાવવાળી

જગ્યાનુ સ્થળ પરીક્ષણ કરવા સાયન્ટીફીક ઓફીસરને જાણ કરેલ હતી. સાયન્ટીફીક ઓફીસર ધવારાદ બનાવવાળી જગ્યાની મુલાકાત લઈ તેનો સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરેલો અને તેમના દ્રારા જે ઉપયોગી માર્ગદર્શન કરવામા આવેલ તે મુજબના પુરાવા એકત્રીત કરવામાં આવેલા તેઓને આંક–૨૦ વાળો સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવતા તે જ અહેવાલ છે જેમા સાયન્ટીફીક ઓફીસર ની સહી છે. તપાસના કામે આરોપી તથા ફરીયાદી તથા આ ગુનાના લાગતા વળગતા વ્યકિતઓની કોલ ડીટેઈલ મેળવવા સી.ડી.આર. ફોર્મ ભરવામા આવેલુ જે આંક–૨૧ થી રજુ છે જેમા તેઓની સહી છે. આ ગુન્હાની તપાસ દરમિયાન મુદામાલ કબજે કરવામા આવેલો તે મુદામાલ શીલબંધ હાલતમા એફ.એસ.એલ તપાસણી અર્થે મોકલવા સારુ રવાનગી નોંધ તૈયાર કરવામા આવેલી જે રવાનગી નોંધ આ કામે આંક – ૨૩ થી રજુ છે જેમા અધિકારીશ્રીની સહી છે જે ઓળખી બતાવે છે એફ.એસ.એલ રાજકોટ તરફથી મુદામાલ મળ્યા બાબતની અમોને પહોંચ પાઠવવામા આવેલી જે પહોંચ આ કામે આંક ૨૪ થી રજુ છે જે ઓળખી બતાવે છે. એફ.એસ.એલ રાજકોટ તરફથી મુદામાલ પરીક્ષણ અહેવાલ તેઓ તરફ ફોર્વડીંગ લેટર જે આ કામે આંક–૨૫ થી રજુ છે તથા એફ.એસ.એલના પૃથકકરણ અહેવાલો અનુક્રમે આંક – ૨૬ થી રજુ છે તે જ છે. તપાસ દરમિયાન તેઓએ મેળવેલા પુરાવાને આધારે બી.એન.એસ. કલમ ૩૫૧(૪), ૩૨૯(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરેલુ હતુ. આ કામના આરોપીઓને ઓળખે છે.

**૧૨.૧** સદરહું સાહેદની બચાવપક્ષે તરફે વિ.વ.શ્રી નાઓ દ્રારા ઉલટતપાસ કરવામાં આવતા તમામ હકીકતોનો ઈન્કાર્યતમાં જવાબ આપેલ છે.

**<u>મુદા નં. ૧ ની ચર્ચા :–</u>**

**૧૩.** ફરીયાપક્ષનો કેસ એવો છે કે, ફરીયાદીનો દીકરો કાનજી આરોપી નં.

૧ મીનપ્રસાદ તથા નં. ૨ શીવભાઈની બહેન ગાયત્રીને વાંકાનેરથી ભગાડી લઈ ગયેલ બાદ પાછા પરત વાંકાનેર પો.સ્ટે. ખાતે હાજર થયેલ હોય જેથી આ કામના ફરીયાદી પોતાના પરીવાર સાથે વાંકાનેર પો.સ્ટે. ગયેલ હોય તેમજ આ કામના આરોપીની બહેન પોતાના પરીવાર સાથે પાછી તેના ઘરે જતી રહેલ હોય તેમ છતા આ કામના આરોપી નં. ૧ મીનપ્રસાદ તથા નં. ૨ શીવભાઈ તથા નં. ૩ ભાવનાબેન તથા નં. ૪ શારદાબેન નાઓએ આ બાબતનો ખાર રાખી ભેગા મળી ફરીયાદીના ઘર પાસે ગયેલ ત્યારે આરોપી નં. ૧ તથા ૨ નાઓ ફરીયાદીના ઘરમાં પ્રવેશ કરી અંદર જઈ ફરીયાદીના ઘરમાં આરોપી નં. ૨ શીવભાઈ નાએ ઘરવખરીનો સામાન ઘરમાં ભેગો કરી સામાનમાં આગ લગાડી દેતા ફરીયાદીના ઘરમાં ફ્રિજ, ટીવી, કબાટ, સેટી, પલંગ, ગાદલા ગોદળા તથા અન્ય ઘરવખરીનો તમામ સરસામાન સળગાવી આશરે રૂ. ૬૦,૦૦૦/- નુકશાની કરી તેમજ ફોન ઉપર આખા પરીવારને સળગાવી દેવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે.

**૧૩.૧** પુરાવાની ચર્ચા આરંભ કરતા પૂર્વે, હાલના પ્રકરણમાં એવીડન્સ એકટની કલમ-૧૦૧ ના તત્ત્વો અને તેના કાનૂની સિદ્ધાંતોનું અવલોકન કરવું આવશ્યક બને છે.

**Indian Evidence Act, 1872**

**Section 101 : Burden of proof.**

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**૧૪.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૦૧ થી હાલના કામેના ફરીયાદી રાજેશ ડાયાલાલ ચાવડા નાઓને તપાસેલ છે. જેઓએ અદાલત સમક્ષના પુરાવામાં મુખ્યત્વે નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

1. બનાવ સમયે તેઓના પાડોશીનો ફોન આવેલ અને જણાવેલ કે તમારુ ઘર સળગે છે.

2. તેઓ પોતાના ઘરે આવ્યા બાદ જોયેલ તો ફ્રીજ, ટીવી, કબાટ, પલંગ, ગાદલા ગોદળા તેમજ ઘરવખરીનો સામાન સળગી ગયેલ.

3. **પાડોશી દ્વારા તેમજ ઘરમાં તપાસ કરતા જાણવા મળેલ કે તેઓએ ઘરમાં ફળીયાના ભાગે છાપરા નીચે ગાયો માટેનો નીરણનો ઘાસચારો રાખેલ હતો અને તેમાં અકસ્માત સળગી ઉઠતા આગ લાગેલ હતી અને તે આગ પ્રસરતા ચીજવસ્તુઓ અને ઘરવખરીઓ સળગી ગયેલ હતી.**

4. પોલીસે તૈયાર ફરીયાદમાં સહી કરવાનું તેઓએ સહી કરેલ.

5. **જયારે ઉલટતપાસમાં મકાનના છાપરે ખળ રાખેલ હતુ અને તેના કારણે મકાનમાં આગ લાગેલ હતી.**

6. એ હકીકત સ્વીકારેલ છે કે આરોપી સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે અને હવે આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. કોઇપણ ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે ફરીયાદી અને નજરે જોનાર સાહેદ જે મહત્વના સાહેદો હોય છે. હાલના કિસ્સામાં ફરીયાદી કે જેઓએ ફરીયાદ આપેલ છે તેઓ જ ફરીયાદપક્ષના કેસને માત્ર ફરીયાદમાં તેઓની સહી હોવા પુરતી બાબતનું સમર્થન કરે છે.

**૧૪.૧** આમ ફરિયાદીની જુબાનીનું મુલ્યાંકન કરતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે તેઓ બનાવના પ્રત્યક્ષદર્શી સાહેદ નથી. તેઓએ અદાલત સમક્ષના પુરાવામાં એ હકીકત જણાવવામાં આવેલ છે કે મકાનના છાપરે ખળ રાખેલ હતુ અને તેના કારણે મકાનમાં આગ લાગેલ. આમ હાલના કામેના ફરીયાદીએ ગુનામાં સંડોવાયેલ આરોપીઓની ઓળખ બાબતે વિશ્વસનીય અને પુરાવો રેકોર્ડ પર ઉપલબ્ધ કરેલ નથી. તેથી વિશેષ ફરિયાદીની જુબાનીનો મહત્વનો ભાગ તેઓના પાડોશી પાસેથી પ્રાપ્ત માહિતી પર આધારિત હોવાથી હાલના ફરીયાદી હિઅરસે વિટનેશની પરીભાષામાં આવે છે. જે સંજોગોમાં ફરીયાદપક્ષના અતિ મહત્વના સાહેદ એવા ફરીયાદી પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલાનું પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ પરથી ફલીત થાય છે. ફરીયાદીએ તેની ફરીયાદમાં સહી હોવાની એક બાબત સ્વીકારવાને કારણે ફરીયાદપક્ષનો પુરાવો શંકાથી પર બની જતો નથી. ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો તેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલી છે જે ધ્યાને લેતા ફરીયાદી તેની ફરીયાદમાં માત્ર તેની સહી ઓળખી બતાવે અને ફરીયાદને આંક પડેલ હોવાને કારણે આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષ તેનો કેસ સાબીત કરે છે તેવુ પણ માની શકાય તેમ નથી.

**૧૫.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૦૨ થી હાલના કામેના સાહેદ રેખાબેન રાજેશભાઇ ચાવડા નાઓને તપાસેલ છે. જેઓએ અદાલત સમક્ષના પુરાવામાં મુખ્યત્વે નીચે મુજબની હકીકતો જણાવેલ છે.

1. બનાવ સમયે તેઓના પાડોશીનો ફોન આવેલ અને જણાવેલ કે તમારુ ઘર સળગે છે.

2. તેઓ પોતાના ઘરે આવ્યા બાદ જોયેલ તો ફ્રીજ, ટીવી, કબાટ, પલંગ, ગાદલા ગોદળા તેમજ ઘરવખરીનો સામાન સળગી ગયેલ.

3. **પાડોશી દ્વારા તેમજ ઘરમાં તપાસ કરતા જાણવા મળેલ કે તેઓએ ઘરમાં ફળીયાના ભાગે છાપરા નીચે ગાયો માટેનો નીરણનો ઘાસચારો રાખેલ હતો અને તેમાં અકસ્માત સળગી ઉઠતા આગ લાગેલ હતી અને તે આગ પ્રસરતા ચીજવસ્તુઓ અને ઘરવખરીઓ સળગી ગયેલ હતી.**

4. **જયારે ઉલટતપાસમાં મકાનના છાપરે ખળ રાખેલ હતુ અને તેના કારણે મકાનમાં આગ લાગેલ હતી.**

5. એ હકીકત સ્વીકારેલ છે કે આરોપી સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે અને હવે આ કેસ આગળ ચલાવવા માંગતા નથી.

**૧૫.૧** આમ સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે તેઓ બનાવના પ્રત્યક્ષદર્શી સાહેદ નથી. તેઓએ અદાલત સમક્ષના પુરાવામાં એ હકીકત જણાવવામાં આવેલ છે કે મકાનના છાપરે ખળ રાખેલ હતુ અને તેના કારણે મકાનમાં આગ લાગેલ. આમ હાલના કામેના સાહેદ નાઓએ પણ ગુનામાં સંડોવાયેલ આરોપીઓની ઓળખ બાબતે વિશ્વસનીય અને પુરાવો રેકોર્ડ પર ઉપલબ્ધ કરેલ નથી. તેથી વિશેષ સાહેદની જુબાનીનો મહત્વનો ભાગ તેઓના પાડોશી પાસેથી પ્રાપ્ત માહિતી પર આધારિત હોવાથી હાલના ફરીયાદી હિઅરસે વિટનેશની પરીભાષામાં આવે છે. જે સંજોગોમાં ફરીયાદપક્ષના સદરહુ સાહેદ પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલાનું પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ પરથી ફલીત થાય છે.

**૧૬.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૦૩ ફરીયાદ દાખલ કરનાર અમલદાર વાલભા કરશનભાઈ ચાવડા નાઓને આંક–૨૮ થી તથા સાહેદ નં. ૦૪ થી તપાસ કરનાર અમલદાર નયનકુમાર અમરસિંહ વસાવા નાઓને આંક–૨૯ થી તપાસેલ છે. તેઓ બંને પોલીસ સાહેદ દ્વારા પોતાના ફરજના ભાગરૂપે જે જે પ્રકારની કામગીરી કરવામાં આવેલ છે તે કામગીરી અંગેનું વિસ્તૃત વર્ણન

પોતાના અદાલત સમક્ષના મૌખીક પુરાવામાં કરવામાં આવેલ છે. પરંતુ જયારે ઉપરોકત ચર્ચા કરેલ ફરીયાદપક્ષના અતિ મહત્વના સાહેદ એવા ફરીયાદી તથા અન્ય સાહેદના પુરાવા પરથી ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ત્યારે માત્ર તપાસ એજન્સીના સાહેદોના પુરાવા ઉપર આધાર રાખીને આરોપીઓને ગુનાઓમાં દોષીત ઠરાવી શકાય નહી.

**૧૭.** વધુમાં ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૬ થી ૨૬ સુધીના દસ્તાવેજી પુરાવાઓ બચાવપક્ષે કબુલ કરતાં રજુ કરેલ છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદ પક્ષના મુખ્ય સાહેદો કે જેમાં ફરીયાદી તથા અન્ય સાહેદો દ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય ત્યારે તેવા મહત્વના પ્રબળ પુરાવાના સમર્થનના અભાવે સદરહુ તમામ દસ્તાવેજી ગૌણ પુરાવા કે જે મુખ્ય પુરાવાના સાપેક્ષમાં નબળા અને આનુસાંગીક પુરાવા ગણી શકાય તે ગૌણ આનુંસાંગીક પુરાવાઓનું મહત્વ પણ ઘટી જાય છે અને મુખ્ય પ્રબળ પુરાવાના અભાવે તેવા ગૌણ આનુંસાંગીક પુરાવાના આધારે હાલના આરોપીને ગુના સાથે શંકારહીત સંકળાયેલ માની શકાય નહીં. તે સબંધીત હકીકતો આરોપીઓ વિરૂધ્ધ શંકારહીત પુરવાર થયેલી માની શકાય નહી તેવું હું નમ્રપણે માનું છુ. આથી, આ દસ્તાવેજી પુરાવાઓથી પણ ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં સફળ રહેલાનુ માની શકાત તેમ નથી. ત્યારે પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર થયેલાનું સ્વીકારી શકાય નહિં. ઉપરોકત સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓ દવારા આક્ષેપિત ગુનો કરવામાં આવેલ હોવા અંગે સબળ, વિશ્વશ્નીય પુરાવો રજુ થયેલ નથી તેમ સ્પષ્ટપણે જણાય આવે છે. આમ આ પ્રકરણમાં ફરીયાદપક્ષ આંક–૨૭ ના તહોમતનામામા ફરમાવ્યા મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ આરોપીએ આચરેલ હોવા અંગે સાતત્યતા, સાતત સબળ અને વિશ્વશ્નીય પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૧૮. આમ રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, વિધ્વાન એડી.પી.પી.શ્રી એન.ડી.કારીયા તથા બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રી જે.ડી.અગેચણીયાની તાર્કીક અને ભારપૂર્વકની દલીલો અને ઉપર ચર્ચા કરી તેને ધ્યાનમાં લેતાં, આ કામના આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૨૬(જી), ૩૫૧(૪), ૩૨૯(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુના કરેલ હોવાનું નિ:શંકપણે સાત્તયસભર, સબળ, વિશ્વસનીય, માનવા લાયક, આધારભૂત પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું માની **મુદા નં.૧ નો નિર્ણય "નકારાત્મક"** ઠરાવવામાં આવે છે.

**મુદા નં. ૨ ની ચર્ચા :-**

૧૯. આ પ્રકરણમાં તપાસ એજન્સી દ્રારા મુદામાલ કબજે કરવામા આવેલ છે, તેમાંથી બીનકિંમતી મુદામાલની આજદીન સુધી કોઈના પણ દવારા માંગણી કરવામાં આવેલ નથી જેથી બીનકિંમતી મુદામાલનો અપીલ પીરીયડ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય, ન્યાયી અને ઉચીત રહેશે, તેવા સંજોગોમાં બી.એન.એસ.એસ. કલમ-૪૯૮ અન્વય તે મુજબ હુકમ કરવો યોગ્ય, ન્યાયી અને ઉચીત હોવાનું આ અદાલતનું માનવુ છે. તેમજ આ કામે મુદામાલ વાહન સી.એન.જી. રીક્ષા નં. જી.જે. ૩૬ ડબલ્યુ ૩૩૩૪ અંગે અગાઉ કોઇ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો અને ન થયેલ હોય તો અપીલ સમય બાદ માલીકી અંગેની ખરાઇ કરીને પરત સોપવાનો હુકમ કરવામાં આવે તો તે યોગ્ય, ન્યાયી અને ઉચીત હોવાનું આ અદાલતનું માનવુ છે.

૨૦. ઉપરોકત મુદામાં ચર્ચા કરી, તેને ધ્યાનમાં લેતા, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ આંક-૦૭ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાં મુજબના ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૨૬(જી), ૩૫૧(૪), ૩૨૯(૨), ૫૪ મુજબના ગુના નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ

હોય, આ પ્રકરણના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરમાવામાં આવે છે :–

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના તહોમતદાર **નં. (૧) મીનપ્રસાદ ઉર્ફે રોહીત વસંતપ્રસાદ ભુસાલ,** ઉ.વ. ૨૪, ધર્મે–મજુરી, **નં. (૨) શીવભાઇ ઉર્ફે લકકી વસંતભાઇ ભુસાલ,** ઉ.વ. ૨૮, ધર્મે–મજુરી, **નં. (૩) ભાવનાબેન વસંતભાઇ ભુસાલ,** ઉ.વ. ૪૫, ધર્મે–મજુરી અને **નં. (૪) શારદાબેન વા/ઓ ઇસુબભાઇ ભટ્ટી,** ઉ.વ. ૨૩, ધર્મે–ઘરકામ, તમામ રહે. વીસીપરા ચાર ગોડાઉન પાછળ, લાબનગર તા.જી.મોરબી નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે, મોરબી સીટી બી ડીવીઝન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૩૪૭/૨૦૨૪ **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૨૬(જી), ૩૫૧(૪), ૩૨૯(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

(૨) આ કામના આરોપીઓએ રજુ કરેલ જામીન તથા જામીનખત આથી રદ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૮ અન્વયે આ કામે મુદામાલ તરીકે કબજે લેવામાં આવેલ બીન કિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આ કામે મુદામાલ વાહન સી.એન.જી. રીક્ષા નં. જી.જે. ૩૬ ડબલ્યુ ૩૩૩૪ અંગે અગાઉ જો કોઇ હુકમ થયેલ હોય તો તે બીનશરતી કાયમ રાખવો અને જો ન થયેલ હોય તો સદર મુદામાલ વાહન અંગે ટ્રાયલ કોર્ટે બી.એન.એસ.એસ.ની કલમ–૫૦૪ ની જોગવાઇ ધ્યાને લઇ અપીલ સમય બાદ ન્યાયીક કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

બીજા અધિક સેશન્સ જજ, મોરબી

(૪) આ કામના આરોપીઓએ બી.એન.એસ.એસ. કલમ–૪૮૧ મુજબ, અપીલ કોર્ટમાં હાજર રહેશે, તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના રૂ. ૧૫,૦૦૦/– (અંકે પંદર હજાર રૂપિયા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

(૫) બી.એન.એસ.એસ. કલમ–૪૦૬ તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયલયના પરીપત્ર નં. ૯૦૧/૧૯૯૦, તા. ૨૨.૧૦.૧૯૯૦ અન્વયે જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી નાઓને આ કામના તહોમતનામાની તથા હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

(૬) બી.એન.એસ.એસ. કલમ–૪૦ તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયલયના પરીપત્ર નં. ૨૬૨૩/૨૦૦૫, તા. ૦૨.૦૯.૨૦૦૫ અન્વયે સંબંધિત પોલીસ સ્ટેશનના પી.આઇ. તથા સંબંધિત જેલ ઓથોરીટીને આ કામના તહોમતનામાની તથા હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૦૩, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

સ્થળ :– મોરબી
તા. ૦૩/૦૬/૨૦૨૬

**(કમલ રસીકલાલ પંડ્યા)**
બીજા અધિક સેશન્સ જજ, મોરબી
(કોડ નં.જીજે૦૦૭૩૯)

AHP

બીજા અધિક સેશન્સ જજ, મોરબી